પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૯૨ • કુલ પાના : ૪ • તારીખ : ૦૯-૦૪-૨૦૨૨ શનિવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦



## ઉત્તર-પશ્ચિમ ભારત પ્રચંડ ગરમીમાં શેકાયુ ઉત્તર-પશ્ચિમ ભારત, ૫ દિવસ માટે ૮ રાજ્યોમાં લૂ માટે એલર્ટ જારી

નવીદિલ્હી,

સમગ્ર ઉત્તર અને પશ્ચિમ ભારતમાં ગરમીનુ તાંડવ યથાવત છે. એપ્રિલમાં જ મે-જૂનની ગરમી સહન કરી રહેલા લોકો માટે આવનારા દિવસો વધુ મુશ્કેલીભર્યા હોઈ શકે છે. ભારતીય હવામાન વિભાગની લેટેસ્ટ અપડેટ કહે છે કે આગલા ૫ દિવસો દરમિયાન રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, દક્ષિણ પંજાબ, દક્ષિણ હરિયાણા, દિલ્લી, મધ્ય પ્રદેશ, બિહાર અને ઝારખંડમાં 'લૂ' લાગવાની સંભાવના છે માટે અહીં એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે.

દિલ્લીવાળાને પણ ભયંકર ગરમીનો કરવો પડશે સામનો વળી, દિલ્લીવાળાને પણ ભયંકર ગરમીનો સામનો કરવો પડશે. દેશની રાજધાની દિલ્લીમાં પણ ગરમીનો પ્રકોપ ચાલુ રહેશે અને લોકોને અહીં પણ લૂ સહન કરવી પડશે. આજે દિલ્લીમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયલથી વધુ પણ જઈ શકે છે. વળી, લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહી શકે છે. આ આખુ સપ્તાહ દિલ્લીના આ જ હાલ થઈ શકે છે.

મુંબઈનુ લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી સેલ્સિયસ પહોંચી ગયુ જમ્મુ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ પણ ગરમીની ચપેટમાં છે. વળી, વિદર્ભ અને મહારાષ્ટ્ર ક્ષેત્રોમાં પણ લૂ લાગી રહી છે. મુંબઈનુ લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયુ. જે



સામાન્યથી ત્રણ ડિગ્રી વધુ હતુ. વળી, અકોલા, જલગાંવ અને અહેમદનગર માટે લૂની ચેતવણી જાહેર કરવામાં આવી છે. કાલે અહીં અકોલા સૌથી ગરમ સ્થળ રહ્યુ. અહીં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયુ હતુ. આવનારા દિવસોમાં આ જ હાલ રહેવાના છે. સાઈક્લોનિક સર્ક્યુલેશન બનવાના અણસાર રાજસ્થાન, હરિયાણા વગેરે જેવા રાજ્યોમાં હીટવેવનો આતંક ચાલુ રહેશે અને આના કારણે અહીં એલર્ટ યથાવત છે. વળી, ૯ એપ્રિલે દક્ષિણ અંદમાન સાગરના સાઈક્લોનિક સર્ક્યુલેશન બનવાના અણસાર જોવા મળી રહ્યા છે જેના કારણે આગલા પાંચ દિવસો દરમિયાન અરુણાચલ પ્રદેશ, આસામ-મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં વરસાદના અણસાર દેખાઈ રહ્યા છે અને આના કારણે આ જગ્યાઓએ હવાની ગતિ ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકથી ૬૦ કિમી પ્રતિ કલાક વચ્ચે રહી શકે છે.

રાજસ્થાનના વિસ્તારોમાં

### રાજસ્થાનમાં સખ્ત ગરમીને કારણે જનજીવન અસ્તવ્યસ્ત, એપ્રિલમાં જ ૪૪ ડિગ્રી તાપમાન

ગરમીનો પ્રકોપ છેલ્લા અનેક દિવસોથી સતત વધી રહ્યો છે.સ્થિતિ એ છે કે રાજસ્થાનના બાડમેર જીલ્લામાં પારો ૪૪ ડિગ્રીની પાર પહોંચી ગયો છે ગરમીને કારણે સમગ્ર જન જીવન રેગિસ્તાનના વિસ્તારોમાં અસ્ત વ્યસ્ત થઈ ગયું છે માર્ગો બપોરના સમયે સુનસાન નજરે પડી રહ્યાં છે દરેક કોઈ આ ગરમીથી બચવા અનેક પ્રકારના ઉપાયો કરતા નજરે પડી રહ્યાં છે.

રાજસ્થાનમાં ગરમીએ હાલના દિવસોમાં આગ ઝરવાનું શરૂ કરી દીધુ છે સીમાવર્તી બાડમેર જીલ્લામાં તાપમાન ૪૪ ડિગ્રીની પાર પહોંચી ગયું છે.સામાન્ય રીતે આ રીતની ગરમી અહીં મે જુન મહીનામાં જોવા મળે છે પરંતુ આ વખતે બે મહિના પહેલા ગરમીએ પોતાનો પ્રભાવ પાડવાનું શરૂ કર્યુ છે.ભારે ગરમીને કારણે લોકો કામ સિવાય બહાર નિકળતા નથી આવામાં શહેર અને બજારોમાં લોકોની ભીડ જોવા મળી રહી નથી હાઈવે માર્ગો પણ ભીષણ ગરમીને કારણે સુનસાન નજરે પડી રહ્યાં છે લોકો ગરમીથી બચવા માટે લીંબુ પાણી પીતા નજરે પડી રહ્યાં છે. જયારે ઘરમાં એસી કુલર પંખાની મદદથી લોકો બચી રહ્યાં છે. લોકોનું કહેવુ છે કે આ વખતે ગરમી સમય પહેલા જ આવી ગઈ છે.આથી લોકોનું જનજીવન અસ્ત વ્યસ્ત થઈ ગયું છે.એ યાદ રહે કે એપ્રિલમાં સામાન્ય રીતે ૩૮થી ૪૦ ડિગ્રી તાપમાન રહે છે પરંતુ આ રીતની ગરમીને જોતા એ શંકા વ્યકત કરવામાં આવી રહી છે કે આગામી મે જુન મહીનામાં રેકોર્ડ તોડ ગરમીન પડશે અને પારો ૫૦ની પાર પહોંચી શકે છે.

## તબીબોએ હડતાળ સમેટી : પડતર માગણીઓને લઈને મુખ્યમંત્રીના આશ્વાસન બાદ જીઆઈડીએ સાથે સંકળાયેલા રાજ્યના ૪ હજાર ડોક્ટર્સ ડ્યૂટીમાં જોડાયા

અમદાવાદ,

રાજ્યભરમાં તબીબોની વિવિધ માગણીઓને લઈને હડતાળ ચાલી રહી છે, ત્યારે રાજ્ય સરકાર હડતાળિયા ડોક્ટરો સામે ઝૂકી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તરફથી પડતર માગણીઓ અંગે મળેલા આશ્વાસન બાદ જીઆઈડીએ (ગુજરાત ઈન સર્વિસ ડોક્ટર્સ એસોસિએશન)એ હડતાળ સમેટી છે.જીઆઈડીએ સાથે સંકળાયેલા રાજ્યના ૪ હજાર સરકારી ડોક્ટર્સ ડ્યૂટીમાં પરત ફર્યા છે. નોંધનીય છે કે રાજયના જીએમટીએ જીઆઈડીએ, સરકારી ક્લાસ ૧,૨ મેડિકલ ડૉકટરો સહિત કુલ ૧૦ હજાર જેટલા તબીબો આ હડતાળમાં જોડાયા હતા.

છેલ્લાં ૩ વર્ષથી ડોક્ટરોના ગ્રેડ પેમાં સુધારો, ક્ષેત્રીય ફેરણી ભથ્થાની માગણી, કોરોના વોરિયર્સ તરીકે ગણતરી કરી ભથ્થા તથા જૂની પેન્શન યોજના લાગુ કરવી તેમજ પ્રમોશન સહિતની માગણીઓ કરી રહ્યા છે. ગુજરાતના ૧૦ હજારથી વધારે સરકારી ડોક્ટરો આ મામલે ૪ એપ્રિલથી અચોક્કસ મુદતની હડતાળ પર ઊતર્યા હતા.

રાજ્ય સરકારે ડોક્ટરોની માગણીઓ સંદર્ભે હકારાત્મક અભિગમ દાખવ્યો છે. હવે રાજ્યના સરકારી ડોક્ટરોને ૧ જૂન ૨૦૧૯થી ૨૦ ટકા એનપીપીએ ચૂકવાશે. એ ઉપરાંત એરિયર્સની રકમ પાંચ સરખા હપતામાં ચૂકવવામાં આવશે. જ્યારે બેઝિક અને એનપીપીએની મહત્તમ મર્યાદા ભારત સરકાર મુજબ રૂા.૨ લાખ ૩૭ હજાર ૫૦૦ રૂપિયા નિયત કરાઈ છે. તજજ્ઞ સેવા વર્ગ-૧ના કરારીય/બોન્ડેડ તજજ્ઞોને માસિક ફિકસ વેતન ૮૪ હજારથી વધારીને હવે ૯૫ હજાર અપાશે તેમજ કરારીય અથવા બોન્ડેડ એમબીબીએસ તબીબોને માસિક ફિકસ વેતન ૬૩ હજારથી વધારીને ૭૫ હજાર કરાયું છે. હવે ડોક્ટરોની હડતાળનો અંત આવી શકે છે.

આ સંદર્ભે અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલે રાજ્ય સરકારે લીધેલા નિર્ણયની વિગતો આપતાં કહ્યું હતું કે તબીબોના એનપીપીએની માગણી સંદર્ભે સરકારે ૧ જૂન ૨૦૧૯થી ૨૦ ટકા એનપીપીએની ચુકવણીનો નિર્ણય

(અનુ.પાના.નં.૨)

## રાષ્ટ્રપતિ-ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં વિરોધ પક્ષ પોતાનો ઉમેદવાર ઉભો રાખવા મક્કમ

નવીદિલ્હી,

કોંગ્રેસનાં એક વરિષ્ઠ નેતાએ ગુરુવારે દાવો કર્યો છે કે, તેનીપાર્ટીની સાથે અન્ય વિપક્ષી દળ પણ આગામી રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનાં નેતૃત્વ વાળા રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનનાં ઉમેદવાર વિરુદ્ધ તેમનો ઉમેદવાર ઉભો કરવા માટે મક્કમ છે. વરિષ્ઠ કોંગ્રેસી નેતાન સાથે જ આ કહેવામાં ચૂક્યા નથી કે, વિપક્ષનું વલણ સંપૂર્ણ રીતે એનડીએનાં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિનાં ઉમેદવાર પર નિર્ભર રહેશે. જે દર્શાવે છે કે, વિપક્ષ, મોદી સરકારનાં રાજનીતિક કે સામાજિક વિચારોથી મેળ રાખવાનો પ્રયાસ કરશે. રાષ્ટ્રપતિની ચૂંટણી આ વર્ષે જુલાઈમાં થશે. ઓગસ્ટમાં ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી થવા જઈ રહી છે.




વર્ષ ૨૦૧૭માં, કોંગ્રેસનાં નેતૃત્વ વાળી વિપક્ષનાં પૂર્વ લોકસભા અધ્યક્ષ મીરા કુમારે તેમનાં રાષ્ટ્રપતિ ઉમેદવાર બનાવ્યાં હતાં. તો રામનાથ કોવિંદ ભાજબનાં નેતૃત્વ વાળા રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનનાં ઉમેદવાર હતાં. રાષ્ટ્રપતિ ચૂંટણીમાં રામનાથ કોવિંદનાં પક્ષમાં ૬,૬૧,૨૭૮ વોટ જ્યારે મીરા કુમારનાં પક્ષમાં ૪,૩૪,૨૪૧ વોટ પડ્યાં હતાં. તો ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં રાજદ પ્રત્યાશી એમ વેંકૈયા નાયડૂની સામે વિપક્ષનાં ગોપાલકૃષ્ણ ગાંધીને તેમનાં ઉમેદવાર તરીકે ઉતાર્યા હતાં. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં કૂલ ૭૭૧ વોટ પડ્યાં જેમાંથી વેંકૈયા નાયડૂને ૫૧૬ અને ગોપાલકૃષ્ણ ગાંધીને ૨૪૪ મત મળ્યાં હતાં. જોકે, પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે વિપક્ષના ઉમેદવારો ચૂંટાય તેવી શકયતાઓ પાતળી છે. એનડીએ પાસે રાષ્ટ્રપતિની ચૂંટણી માટે જરૂરી ૫૪૯,૪૫૨ ના બહુમતી ચિહ્ન કરતાં ૯૦૦૦ મત ઓછા હોવા છતાં, તેની પાસે બીજુ જનતા દળ અને વાયએસઆર કોંગ્રેસ પાર્ટી જેવા સંભવિત સમર્થકો છે જેઓ ખોટને પૂરી કરી શકે છે. કોંગ્રેસ માટે તમામ વિરોધ પક્ષોને સ્વીકાર્ય ઉમેદવારનું નામ આપવું પણ મુશ્કેલ બનશે. રાષ્ટ્રપતિની ચૂંટણીના તાજેતરના ઈતિહાસમાં એપીજે અબ્દુલ કલામ એકમાત્ર એવા રાષ્ટ્રપતિ રહ્યા છે જેમના નામ પર શાસક પક્ષ અને વિપક્ષ સર્વસંમત છે. તેમ છતાં, ડાબેરીઓએ એપીજે અબ્દુલ કલામ સામે પૂર્વ આઈએનએ સૈનિક લક્ષ્મી સહગલને મેદાનમાં ઉતાર્યા હતા. કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ એમ પણ કહ્યું કે ભાજપે અનુક્રમે ૨૦૦૭ અને ૨૦૧૨ માં રાષ્ટ્રપતિ પદ માટે પ્રતિભા પાટીલ અને પ્રણવ મુખર્જીને નિર્વિવાદ સમર્થન આપ્યું ન હતું અને તેના ઉમેદવારો ઉભા કર્યા હતા. ભાજપે પ્રતિભા પાટિલ સામે ભૈરોન સિંહ શેખાવતને પોતાના ઉમેદવાર બનાવ્યા હતા. બીજી તરફ ભાજપે પૂર્વ લોકસભા સ્પીકર પીએ સંગમાને પ્રણવ મુખર્જી સામે પોતાના ઉમેદવાર બનાવ્યા હતા.


પાણી પુરવઠા વિભાગ
ગુજરાત સરકાર

આઝાદી નો અમૃત મહોત્સવ



જલ જીવન મિશન
હર ઘર જલ
ગુજરાત સરકારના દ્રઢ સંકલ્પ, આયોજન અને નિર્ધાર થકી વર્ષ ૨૦૨૨ના અંત સુધીમાં
રાજયના તમામ ગામડાઓના દરેક ઘરને મળશે શુદ્ધ, પૂરતું અને નિયમિત પાણી...
રાજયના ગ્રામ્ય વિસ્તારના ૯૪%થી વધુ ઘરો સુધી પહોંચી રહ્યું છે, નલ સે જલ...

| ૧૦૦% નળ જોડાણ ધરાવતા જિલ્લા | ૧૦૦% નળ જોડાણ ધરાવતા તાલુકા | ૧૦૦% નળ જોડાણ ધરાવતા ગામ |
|---|---|---|
| ૧૬ | ૧૫૦ | ૧૫,૪૩૮ |

ગ્રામ્ય કક્ષાની પાણી પુરવઠા યોજનાઓ સંબંધિત પીવાલાયક પાણીની ફરિયાદ માટે ૨૪x૭ સંપર્ક કરો ટોલ ફ્રી નં. ૧૯૧૬

# લુણાવાડા સરકારી કર્મચારીના સંયુકત મોરચા દ્વારા જુની પેન્શન યોજના લાગુ કરવા જીલ્લા કલેકટરને આવેદન આપ્યું

લુણાવાડા, જૂની પેન્શન યોજના લાગુ કરવા માટે સરકારી કર્મચારીઓનો સંયુકત મોરચો નેશનલ ઓલ્ડ પેન્શન રિસ્ટોરેશન ફેડરેશન ગુજરાત રાજ્યના આહવાનને દયાનમાં રાખી તા.૦૮.૦૪.૨૦૨૨ ને શુક્રવારના રોજ ખુબજ બહોળી સંખ્યામાં પ્રાથમિક,ઉચ્ચત્તર પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકો, HTAT મુખ્ય શિક્ષકો, મજદૂર સંઘ માંથી એસ.ટી.ના કર્મચારીઓ તાલુકા–જિલ્લા પંચાયતના મહેસુલી કર્મચારી મડળ વર્ગ ૩, જિલ્લા પંચાયતના હિસાબી અને વહીવટી વર્ગ–૩ના કર્મચારીઓ,ગુજરાત વિદ્યુત બોર્ડ નાકર્મચારીઓ, તલાટીમંત્રી રેવન્યુ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

તલાટી વગેરે કર્મચારીઓનો મહીસાગર જિલ્લાનો સંયુક્ત મોરચા દ્વારા બપોરે ૦૨:૩૦ થી ૦૪:૦૦ કલાક સુધી ઈન્દિરા મેદાન લુણાવાડા ખાતે એકત્ર થઇ ધરણાં કરવામાં આવ્યા. બહોળી સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા. જૂની પેન્શન યોજનાના લાભ અને નવી પેન્શન યોજનાના ગેરલાભ વિશે તમામ સંવર્ગના હોદ્દેદારો દ્વારા ચર્ચા કરવામાં આવી. ઓછા પ્રગતિશીલ રાજય પણ જો સરકારી કર્મચારીઓને પેન્શન આપી શકતા હોય તો પ્રગતિશીલ એવું ગુજરાત રાજ્ય પણ જૂની યોજના પ્રમાણે પેન્શન આપે તેવી માંગ કરવામાં આવી. ધરણાં બાદ ૦૪:૩૦ કલાકે તમામ કર્મચારીઓ દ્વારા ઈન્દિરા મેદાનથી કલેકટર કચેરી સુધી રેલી કાઢવામાં આવી. તમામ કર્મચારીઓ દ્વારા માથા ઉપર કેસરી કલરની પટ્ટી ધારણ કરવામાં આવી તથા બેનર પ્લેકાર્ડ ને સાથે રાખી જૂની પેન્શન યોજના લાગુ કરવા અંતર્ગત સુત્રોચ્ચાર કરવામાં આવ્યા. ૪:૪૫ કલાકે મહીસાગર સેવાસદન ખાતે માનનીય કલેકટર સાહેબશ્રીને આવેદન આપવામાં આવ્યું.

# યુવરાજસિંહ જાડેજા પર લગાવેલી કલમો હટાવવા મહીસાગર જિલ્લા મહાકાલ સેનાએ કલેકટરને આવેદનપત્ર આપ્યું

લુણાવાડા, મહાકાલ સેના દ્વારા મહીસાગર જિલ્લા કલેકટર કચેરી ખાતે આવેદનપત્ર આપી યુવરાજસિંહ જાડેજા પર લગાવેલી કલમો હટાવી તેમને રિલીઝ કરવામાં આવે એવી માંગ કરી હતી.

મહીસાગર જિલ્લા મહાકાલ સેના દ્વારા જિલ્લા કલેકટર કચેરી ખાતે આવેદનપત્ર આપી સાથે જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી પરીક્ષાઓમાં યેનકેન પ્રકારે થતા ગોટાળાઓ અને પરીક્ષા પહેલા જ પેપર લીકના દાખલાઓ યુવરાજસિંહ જાડેજાએ મીડિયાના માદયમથી ઉજાગર કરતા રહ્યા અને અવાજ ઉઠાવતા રહ્યા છે. ત્યારે યુવરાજસિંહે ઉઠાવેલા અવાજના કારણે બિનસચિવાલય કલાર્કથી માંડીને


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

અનેક ભરતી પરીક્ષા રદ કરવાની સરકારને ફરજ પડી હતી. સેંકડો વિદ્યાર્થીઓના ભવિષ્યની સુરક્ષા માટે એમને ન્યાય અપાવવા બાબતે સરકારી ભરતીઓમાં થતી ગેરરીતિ બાબતે યુવરાજસિંહ જાડેજા લડત આપતા રહ્યા છે. આપણા રાજયના યુવાનોના પ્રશ્નો રજૂ કરતા યુવરાજસિંહ છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં સરકારી ભરતીઓમાં થતાં કૌભાંડોને પ્રકાશિત કરીને એક રીતે ગુજરાત સરકારની મદદ કરે છે, એમને ન્યાય આપીને સરકારે સાચા ગુનેગારોને પકડવા જોઈએ અને યુવરાજસિંહ પર ગાંધીનગર પોલીસ દ્વારા ખોટી રીતે ગુનામાં લગાવેલી ૩૦૭ અને ૩૩૨ જેવી કલમ હટાવીને એમને ધરપકડમાંથી મુક્ત કરવા જોઈએ, તેમજ સમગ્ર ગુજરાતની સર્વ સામાજિક સંસ્થાઓ દ્વારા તાત્કાલિક યુવરાજસિંહ પર લગાવેલા ગુનાઓ દૂર કરવામાં આવે અને એમને રિલીઝ કરવામાં આવે એવી માંગણી કરવામાં આવે છે. તેમજ સમગ્ર ગુજરાત રાજપૂત સમાજની સાથે સર્વે સમાજ અને લાખો વિદ્યાર્થીઓ યુવરાજસિંહ જાડેજાની સાથે છે અને જરૂર પડશે ત્યાં એમના માટે મોટી લડત પણ આપશે એમ જણાવ્યું હતું. આ સમયે મહાકાલ સેનાના પ્રમુખ જયપાલસિંહ સોલંકી સહિત રાજપૂત સમાજના લોકો મોટી સંખ્યામાં હજાર રહ્યા હતા.

# લુણાવાડા મુકામે સદ્દગુરૂ ચુનીલાલ મહારાજ ડાકોરવાળાનો ૧૪૩મો જન્મ જયંતિ મહોત્સવ ઉજવાયો

લુણાવાડા, તા.૦૯/૦૪/૨૦૨૨ ને શનિવાર લુણાવાડા મોતીબાગ પાર્ટી પ્લોટ ખાતે ગત તા.૩/૦૪/૨૦૨૨ ને રવિવારના રોજ સદગુરૂ શ્રી ચુનીલાલ મગનલાલ મહેતા ડાકોર વાળાના ૧૪૩ માં જન્મજયંતિ મહોત્સવની સનાતન ધર્મ મહામંડળના વડીલો મોહનભાઈ ભુધરભાઈ પ્રજાપતિ (મલેકપુર), કાળુભાઇ સોમાભાઈ પટેલ (મોટી સરસણ), મણીભાઈ કાળુભાઇ પ્રજાપતિ (સંતરામપુર), પ્રભુદાસ નાનાલાલ ગુર્જર (લુણાવાડા)ની ઉપસ્થિતિમાં અને આશરે ત્રણ હજાર ભક્ત ભાઈ બહેનો અને સંતો મહંતોની મેદની વચ્ચે ડો.પ્રવીણભાઈ કે પ્રજાપતિ જય સર્જિકલ હોસ્પિટલ લુણાવાડાના યજમાન પદ હેઠળ ખુબ રંગે ચંગે ઉજવણી કરવામાં આવી. સવારે ૮:૦૦ ક્લાકે સંતોનું આગમન નીરજા કેમ્પસ મહીસાગર કોલેજ



ખાતે થતાં સામૈયા દ્વારા શોભાયાત્રા કાઢવામાં આવી અને સંતોને સેવા દ્વારા મોતીબાગ પાર્ટી પ્લોટ ખાતે ભજન કાર્યક્રમ મંડપમાં પધરામણી કરવામાં આવી. ગુરૂ આરતી ગુરૂ ગાદી પુજન સહ સંત સેવા કરવામાં આવી અને ત્યારબાદ થાળ પ્રસાદ સહ અલ્પાહાર સાથે અખંડ ભજનની શરૂઆત કરવામાં આવી. સાંજે ૪:૦૦ કલાકે મહા પ્રસાદી પિરસવામાં આવી. અખંડ ભજન કાર્યક્રમના અવિરત પ્રવાહ સાથે રાત્રે ભજનની રમઝટ જામી રાત્રે ૧:૦૦ કલાકે આરતી સેવા પૂજન થયું અને રાત્રીના ૨:૦૦ ક્લાકે થાળ અને ૩:૦૦ કલાકે કાર્યક્રમ સમાપન કરવામાં આવ્યો. સમગ્ર મહોત્સવનો ખર્ચ લુણાવાડા઼ના ભક્ત ડો.પ્રવીણભાઈ કે પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યો. ત્યારે મહામંડળના સહુ સંતો ભક્તોએ તેમનો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજેન્દ્ર કુમાર સોમાભાઈ પ્રજાપતિ (હાલોલ) દ્વારા ખુબ કુનેહ અને આગવી સુજ બુજ થી કરવામાં આવ્યું. સનાતન ધર્મ મહામંડળમાં હાલ પંચમહાલ, મહીસાગર, દાહોદ જિલ્લાના છેક સંતરામપુર, લુણાવાડા, ગોધરા, હાલોલ, નડિયાદ અને અમદાવાદ (નારોલ સુધીના કુલ ૪૭ ગામોના મંડળો હાલ કાર્યરત છે અને દર વર્ષ સદગુરૂ ચુનીલાલ મહારાજના પ્રાગટ્ય દિવસ ચૈત્રી સુદ બીજના દીને ખુબ ધામધુમ થી ભકિતમય વાતાવરણમાં જન્મ જયંતિ મહોત્સવ ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ ખુબ ધામધુમથી ભકિતમય અને આહલાદક વાતાવરણમાં નિરવિઘ્ને કાર્યક્રમ ઉજવાયો.

# સંતરામપુર નગરમાં માળી સમાજ દ્વારા પાંચમો માતાજીનો પાટોત્સવ ઉજવાયો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરમાં સમસ્ત માળી સમાજ દ્વારા ધંધા–રોજગાર બંધ પાળીને ધામધૂમથી પાટોત્સવ અને વરઘોડો કરવામાં આવેલો હતો. સવારથી ઓખા મંદિર માતાજીના દર્શન કરવામાં આવેલા હતા. સમાજના દરેક વ્યક્તિ હવનમાં બેસીને હવન કરવામાં આવેલું હતું. માતાજીના મંદિર નિર્માણના પાંચ વર્ષ પુરા થયા વરઘોડો કાઢીને પાટોત્સવ ની ઉજવણી કરવામાં આવી. સવારે હવનનો કાર્યક્રમ યોજાયો હતો. બપોરે મંદિર પાસેથી માતાજીનો સાથે રથ સાથે વરઘોડો કરવામાં આવેલો હતો. નગરના અલગ અલગ વિસ્તારોમાં ફરીને માતાજીના નારા બોલાવીને મોટા બજાર મેન બજાર અને ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા. ફરી મંદિરે પ્રસ્થાન કરીને સાંજના સમય સમાજના અને અન્ય સમાજના તમામનો મોટા પાયે ભંડારાનો આયોજન કરવામાં આવેલું હતું.

# લુણાવાડા તાલુકા સ્વાગત કાર્યક્રમ જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને યોજાશે

લુણાવાડા, મુખ્યમંત્રીના ઓનલાઇન સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ માહે–જાન્યુઆરી–૨૦૦૮ થી તાલુકા કક્ષા સુધી લંબાવવામાં આવેલ છે. માહે.એપ્રિલ–૨૦૨૨નો તાલુકા સ્વાગત કાર્યક્રમ માસના ચોથા બુધવારે તા.૨૭–૦૪–૨૦૨૨ના રોજ યોજાનાર છે. વંચાણે લીધેલ પત્ર મુજબ તાલુકા કક્ષાના આ કાર્યક્રમને વધુ અસરકારક બનાવવા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીએ પોતાના જિલ્લાના વારાફરતી એક એક તાલુકામાં જઈ તાલુકા સ્વાગત કાર્યક્રમનું સંચાલન કરવાનું રહે છે, તે જ પ્રમાણે વર્ગ–૧ના સીનીયર અધિકારીઓને વારાફરતી તાલુકા સ્વાગતનું સંચાલન કરે તે પ્રમાણેની વ્યવસ્થા ગોઠવવા જણાવેલ હોઈ માહે.માર્ચ–૨૦૨૨ના લુણાવાડા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર ડો.મનીષકુમાર તેમજ અન્ય તાલુકાઓમાં જિલ્લાના અધિકારીઓને તાલુકાના સ્વાગત કાર્યક્રમમાં હાજરી આપવા હુકમ કરવામાં આવે છે. સંબંધિત અધિકારીઓને તેમને ફાળવેલ તાલુકાઓમાં જે તે માસમાં યોજાનાર તાલુકા સ્વાગત કાર્યક્રમમાં રૂબરૂ હાજર રહી કાર્યક્રમનું સંચાલન કરવાનું રહેશે. તેમ જિલ્લા કલેકટરની અખબારી યાદીમાં જણાવાયું છે.

# દે.બારીઆના પાનમ અને ઉજ્જવળ નદીમાંથી રેતી ખનનના કારણે પાણીની તંગી વર્તાશે

દે.બારીઆ, દે.બારીઆ તાલુકામાંથી પસાર થતી પાનમ અને ઉજ્જવળ નદીમાંથી બેરોકટોક રેતી ખનના પગલે પાણીની મુશ્કેલી ઉનાળામાં ઉભી થશે.

દે.બારીઆ તાલુકાના જુના બારીયા, બૈણા, ભુલવણ, રામા, ચેનપુર, દુધિયા, ભડભા, મેધામુવાડી, રાતડિયા, ઉચવાણ જેવા અનેક ગામોમાંથી પસાર થતી પાનમ તેમજ ઉજ્જવળ નદીના પટમાંથી રેતીનો કાળો કારોબાર ફુલ્યો ફાલ્યો છે. આ રીતેના ગેરકાયદેસર વેપલાને લઈ હાલ રેત માફિયાઓ દ્વારા રીતે ઉલેચવા માટે આડેધડ નદીના પટ્ટ સહિત નદી કિનારે આવેલા કેટલાક ખાનગી તેમજ સરકારી સર્વે નંબરમાં મોટાપાયે રેતી માફિયાઓ દ્વારા ખોદકામ કરતા હતા જેને લઈ નદી કોતરના પાણીના તળ ઉંડા જવા પામ્યા છે. જયારે ઉનાળાની શરૂઆત થઈ છે ત્યારે આ રેતી માફિયાઓના કારણે હેન્ડપંપ તેમજ કુવાના તળ ઉંડા જતા હોય તેમ ખેડુતો દ્વારા કહેવાય રહ્યુ છે. આવનાર દિવસોમાં ગેરકાયદે રીતે ખનન ચાલુ રહેશે તો લોકો તેમજ મુંગા પશુઓ માટે પણ પાણીની અછત ઉભી થશે.

# સંતરામપુર અને કડાણા તાલુકામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત બીયારણ અને ખાતરની કીટ અપાશે

સંતરામપુર, વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨–૨૩માં કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત મકાઈ બીયારણ તેમજ ખાતર (૧ થેલી ડીએપી) અને (૧ થેલી પ્રોમ) કીટનું વિતરણ કરવામાં આવશે. ૦ થી ૨૦ બીપીએલ સ્કોર ધરાવતા આદિજાતિનો ખેડુતોને www.dsagsahay.gujarat.gov.in પરથી ઓનલાઈન અરજી કરવાની રહેશે.

આજરોજ સંતરામપુર અને કડાણા તાલુકાના તમામ ગ્રામ પંચાયતના VCE (કોમ્પ્યુટર ઓપરેટરો)ને ઓનલાઈન ફોર્મ ભરવા અંગે પ્રાયોજના વહિવટદારની કચેરીના કર્મચારીઓ દ્વારા આજરોજ મીટીંગ અને ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની તાલીમનું આયોજન રાખવામાં આવેલ હતું.

જેમાં જરૂરી આધાર પુરાવા તરીકે રાશનકાર્ડ, આધારકાર્ડ, ૭/૧૨ અને ૮–અ, બીપીએલનો દાખલો, પાસપોર્ટ સાઈઝનો ફોટો અને જાતિનો દાખલો વગેરે પુરાવા તા.૩૦/૦૪/૨૦૨૨ સુધીમાં ઓનલાઈન કરવા અંગેની સમજ આપવામાં આવી.


ડોળી ગામે માતાજીના મંદિરના ખાતમુહૂર્ત નિમિત્તે રાજ્ય સરકારના મંત્રી નિમીષાબેન સુથાર હાજર રહ્યા હતા અને ગ્રામજનો તેમજ સ્થાનિક કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું. સરકારની યોજનાઓ અને વિસ્તારના કામો માટે કટિબદ્ધતા દર્શાવી હતી.

# આપની આજ.......

મેષ : પ્રેમ પ્રસંગમાં ભાવનાત્મક સંબંધ ગાઢ બનશે. ક્યારેક તમારો ગુસ્સાવાળો સ્વભાવ તમારા કાર્યોમાં વિઘ્ન પેદા કરી શકે છે. વ્યપારિક મામલે આજે કોઈ મોટો નિર્ણય લેતા સમયે મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આળસના કારણે થોડા અધૂરા કામ છૂટી શકે છે.

વૃષભ : કોઈ મુશ્કેલ કાર્યને પોતાના પરિશ્રમ દ્વારા ઉકેલવાની ક્ષમતા રાખશો. આ સમયે પોતાના ખર્ચ ઉપર નિયંત્રણ રાખવું ખૂબ જ જરૂરી છે. વેપારમાં એક નિશ્ચિત રણનીતિ બનાવીને કામ કરવું. શરદીના કારણે માથાનો દુખાવો થઈ શકે છે.

મિથુન : ઘણાં સમયથી કોઈ અટવાયલું પેમેન્ટ પણ મળી શકે છે. વિદ્યાર્થીઓએ તેમના અભ્યાસને લઈને સાવધાન રહેવું. વ્યસ્તતાના કારણે ઘર-પરિવારને સમય આપી શકશો નહીં. આજે કાર્યક્ષેત્રમાં ગતિવિધિઓ થોડી ધીમી રહેશે.

કર્ક : કોઈ જૂની સમસ્યાનો ઉકેલ મળવાથી વધારે રાહત અનુભવ થશે. જોખમી કાર્યોથી દૂર રહો. કેમ કે તેના દ્વારા નુકસાન થવાની સ્થિતિ બની શકે છે. પારિવારિક તથા વ્યવસાયિક જીવનમાં સારું તાલમેલ જળવાયેલું રહેશે.

સિંહ : પોતાના ઉપર વિશ્વાસ રાખીને કામ કરો. સમય પ્રમાણે પોતાના સ્વભાવમાં ફેરફાર લાવવો જરૂરી છે. ઘરમાં સભ્યોનો એકબીજા સાથે તાલમેલ પ્રેમપૂર્ણ તથા આત્મીય રહેશે.

કન્યા : ક્યારેક આળસમાં બેદરકારીના કારણે તમે થોડા કામ ટાળવાની કોશિશ કરી શકો છો. જો કોઈ પાર્ટનરશિપને લગતી ગતિવિધિઓ ઉપર કામ કરી રહ્યા છો તો તેના અંગે ગંભીરતાથી વિચાર કરો. સાંધામાં દુખાવો વધી શકે છે. પરિવારની જરૂરિયાતોનું ધ્યાન રાખવું

તુલા : થોડા ખોટા કાર્યોમાં સમય પસાર કરવાથી તમારા મહત્ત્વપૂર્ણ કાર્યોમાં મુશ્કેલીઓ આવશે. યુવાઓને કરિયરને લગતા કોઈ શુભ સમાચાર મળવાથી રાહત અને સુકૂન પ્રાપ્ત થશે. પેટ અને કબજિયાતની પરેશાની રહેશે. પતિ-પત્નીના સંબંધ સારા જળવાયેલાં રહેશે.

વૃશ્ચિકઃ વધારે ભાગદોડના કારણે થાક રહેશે. અચાનક જ કોઈ શુભ સમાચાર મળવાથી દિવસ ખૂબ જ ઉત્તમ પસાર થશે. રૂપિયા ઉધાર લેવા કે દેવાનું ટાળો. વેપારમાં તમારી કાર્યપ્રણાલી તથા યોજનાઓને કોઈ સામે જાહેર ન કરો.

ધન : કોઈપણ ફોનકોલને નજરઅંદાજ ન કરો. કોઈપણ મહત્ત્વપૂર્ણ યોજના બનાવતી સમયે અન્યની જગ્યાએ પોતાના નિર્ણયને પ્રાથમિકતા આપો. પતિ-પત્નીમાં એકબીજાનો સહયોગ અને મધુરતા રહેશે.

મકર : ઘરમાં રિનોવેશન તથા પરિવર્તનને લગતી થોડી મહત્ત્વપૂર્ણ યોજનાઓ બનશે. વડીલ વ્યક્તિઓની સલાહ તથા માર્ગદર્શન ઉપર જરૂર અમલ કરો. પતિ-પત્નીના સંબંધ સુખદ તથા સહયોગાત્મક રહેશે.

કુંભ : ઘરમાં વડીલોનું માન-સન્માન જાળવી રાખો. રોકાણને લગતી ગતિવિધિઓ પણ મહત્ત્વપૂર્ણ સાબિત થશે. પોઝિટિવ લોકો સાથે થોડો સમય પસાર કરો. ઘરના કોઈ કુંવારા સભ્યના લગ્ન માટે સંબંધ આવવાથી સુખમય વાતાવરણ રહેશે.

મીન : કોઈપણ મુશ્કેલી આવવાથી પારિવારિક સભ્યોની સલાહ અવશ્ય લો. સમય પ્રમાણે પોઝિટિવ પરિણામ પ્રાપ્ત થશે. આ સમયે ગ્રહ સ્થિતિ ખૂબ જ શુભદાયક છે. પતિ-પત્નીનો એકબીજા સાથે સંબંધ સારો જળવાયેલો રહેશે. આજે મન પ્રમાણે કોઈ વ્યવસાયિક કોન્ટ્રેક્ટ મળી શકે છે.

(પાન નં.૪ નું ચાલુ)

## પોલીસ સેવાઓ માટે....

કામગીરીઓને દ્યાને લઈને આપવામાં આવે છે. જેમકે પંચમહાલ જિલ્લા પોલીસ વડા હિમાંશુ સોલંકીએ તેઓની સુરત ખાતેની ફરજ દરમિયાન સુરત અ ડિવિઝન વિસ્તારમાં પાટીદાર આંદોલન વખતે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા તેમજ ગાંધીનગર ખાતે ઈન્ટેલિજન્સ બ્યુરોમાં કરવામાં આવેલી વિશિષ્ટ કામગીરીને લઈને તેમની આ મેડલ માટે પસંછી કરવામાં આવી છે.

જ્યારે પંચમહાલ જિલ્લા એલસીબીમાં હાલમાં ફરજ બજાવતા રાજેન્દ્રસિંહ સિસોદીયા જેઓએ જાનમાલની ખુવારી અટકાવી. જેમાં કડાણા, પાનમ ડેમમાંથી પાણી છોડાતા શહેરા પોલીસ સ્ટેશનના નદી કાંઠાના ગામમાં મત્સ્યગંધા બોટમાં સતત ત્રણ વિસ વરસતા વરસાદમાં પુરગ્રસ્ત વિસ્તારમાં જાનમાલની ખુવારી અટકાવી, માલસામાન સલામત સ્થળે ખસેડવાની તેમજ જન મેદની ઉગારવાનું કામ કરેલ છે. જ્યારે હાલોલ પોલીસ મથક વિસ્તારમાં વિદેશી દારૂની ગાડીને પકડવા માટે પોતાની જાનની પરવા કર્યા વગર તે ગાડીનો પીછો ફિલ્મી ઢબે કરી તમામ મુદ્દામાલ સાથે આરોપીને પણ ઝડપી પાડ્યો હતો. જ્યારે હાલમાં પંચમહાલ જિલ્લા પેરોલ ફર્લો સ્કવોડમાં ફરજ બજાવતા નાદિરઅલી સૈયદએ વોન્ટેડ આરોપી તેમજ જેલમાંથી ભાગી ગયેલા આરોપીઓને ખૂબ જ ટૂંકા સમયમાં ઝડપી પાડ્યા હતા. તેઓએ ૩૫ વર્ષ પહેલા જેલમાંથી ભાગી ગયેલા આરોપીઓને ખૂબ જ ટૂંકા સમયમાં ઝડપી પાડ્યા હતા. તેઓએ ૩૫ વર્ષ પહેલા નોંધાયેલા ગંભીર પ્રકારના હત્યા તેમજ બળાત્કારના ગુન્હા આરોપીઓને રાજ્ય તેમજ રાજ્ય બહારથી પકડી લાવવાની કામગીરી કરી હતી.

(પાન નં.૧ નું ચાલુ)

## તબીબોએ હડતાળ સમેટી.....

કર્યો છે. એરિયર્સની રકમ પાંચ સરખા હપતામાં ચૂકવવામાં આવશે, જેમાં પ્રથમ હપતો એપ્રિલ-૨૦૨૨, બીજો હપતો ઓકટોબર-૨૦૨૨, ત્રીજો હપતો એપ્રિલ-૨૦૨૩, ચોથો હપતો ઓકટોબર-૨૦૨૩ અને પાંચમો હપતો એપ્રિલ-૨૦૨૪ના રોજ ચૂકવવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે બેઝિક અને એનપીપીએની મહત્તમ મર્યાદા ભારત સરકાર મુજબ ૨ લાખ ૩૭ હજાર ૫૦૦ રૂપિયા નિયત કરવામાં આવી છે. એ સંદર્ભે રાજ્યના જે ઉમેદવારોએ ગુજરાત જાહેર સેવા આયોગની પરીક્ષા પાસ કરી હોય તેમની તમામ એડહોક સેવાઓ નિયમિત કરી સળંગ ગણવામાં આવશે. બાકી રહેતી એડહોક સેવાઓ નિયમિત કરવા અને સળંગ કરવા એડહોક સેલની રચના કરવામાં આવશે. રાજ્યના તજજ્ઞ સેવા વર્ગ-૧ના તબીબોને ૮ વર્ષે ટીકુ કમિશનનો લાભ મળવાપાત્ર રહેશે.

રાજ્ય સરકારના તબીબોને ૧ જૂન,૨૦૧૯થી ૨૦ ટકા નોન-પ્રેક્ટિસ એલાઉન્સ ચૂકવાશે, જૂની અસરથી મળનારા એનપીએના એરિયર્સની રકમ પાંચ સરખા હપતામાં ચૂકવાશે.

બેઝિક અને એન.પી.પી.એ.ની મહત્તમ મર્યાદા ભારત સરકાર મુજબ રૂ. ૨,૩૭,૫૦૦ નિયત કરાઈ.

તજજ્ઞ સેવા, વર્ગ-૧ ના કરારીય - બોન્ડેડ તજજ્ઞોને માસિક ફિકસ વેતન રૂ. ૮૪ હજારથી વધારીને રૂ. ૯૫ હજાર અપાશે.

કરારીય અથવા બોન્ડેડ એમ.બી.બી.એસ. તબીબોને માસિક ફિકસ વેતન રૂ. ૬૩ હજારથી વધારીને રૂ. ૭૫ હજાર કરાયું.

તજજ્ઞ સેવા વર્ગ-૧ ના તબીબોને ૮ વર્ષે ટીકુ કમિશનનો લાભ મળશે.

# હાલોલ રામનવમી ઉત્સવ સમિતિ દ્વારા શોભાયાત્રાના આયોજનની તૈયારી કરાઈ

હાલોલ, મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામના જન્મોત્સવ અંતર્ગત રામ નવમીના પાવન પર્વને લઈને નગર ખાતે શ્રી રામ ભક્તોમાં અનેરો ઉત્સાહ અને શ્રદ્ધા ભાવ જોવા મળી રહ્યો છે જેમાં ૧૦મી એપ્રિલ રવિવારના રોજ રામનવમીના પાવન પર્વે હાલોલ નગર ખાતે શ્રી રામનવમી ઉત્સવ સમિતિ દ્વારા રામ નવમીના પર્વને ઉજવવા માટે મોટા પાયે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શ્રી રામજી ભગવાનની ભવ્ય શોભાયાત્રા નગરના રાજમાર્ગો પર યોજાશે. જેમાં શોભાયાત્રાનું સ્વાગત અને સ્કારને લઈને શ્રી રામનવમી ઉત્સવ સમિતિ દ્વારા નગરના મોટા ભાગના વિસ્તારો



શણગારવામાં આવ્યા છે. જેમાં કેસરી પતાકાઓ અને તોરણ લગાવી તેમજ વિવિધ સ્થળોએ રોશની કરી રામનવમીના ઉત્સવની તડામાર તૈયારીઓ આરંભાઈ છે. જેમાં રવિવારના રોજ રામનવમીની ઉજવણી ને લઈ તાલુકાના કંજરી ગામે રામજી મંદિર ખાતે બપોરના સુમારે મહાપૂજા રાખવામાં આવી છે. જે બાદ વીએમ સ્કૂલ ખાતેથી બપોરે ચાર વાગ્યે ભવ્ય શોભાયાત્રા નીકળશે. જેમાં તાલુકા સહિત નગરના તમામ ભક્તો જોડાશે. જેમાં શોભાયાત્રા બાદ રાત્રે ૯:૦૦ કલાકે રામજી મંદિર ખાતે મહાઆરતીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

## દાહોદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણી પ્રક્રિયામાં

# સંભવિત વિલંબથી ભાવિ સરપંચ તથા સભ્યોના ઉમેદવારોમા કહી ખુશી કહી ગમનો માહોલ

- કેટલીક ગ્રામ પંચાયતોમાં સરપંચો ચાર વર્ષ દશ માસમાં કામગીરી કરી શકયા નથી ત્યાં આવનાર ચૂંટણીમાં જીતની આશાએ કામગીરી શરૂ કરી પ્રજાને પોતાના તરફ આકર્ષવાના પ્રયત્નો શરૂ થયા હતા.
- ગ્રામપંચાયતોના સરપંચો તથા સભ્યોની મુદત પૂર્ણ થયે ચૂંટણી યોજાશેની આશામાં ભાવિ ઉમેદવારો પ્રચાર કાર્યમાં પરોવાઈ ચૂક્યા હતા.
- ગ્રામ પંચાયતોની ચૂંટણી લંબાવાની સંભાવના ઊભી થતાં કાર્યરત સરપંચોમાં નિરાશા,જ્યારે નવા ઉમેદવારોમાં વધુ સમય મળતા ખુશીનો માહોલ.

ફતેપુરા,

ગુજરાત રાજ્ય સહિત દાહોદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી એપ્રિલના ત્રીજા અથવા ચોથા સપ્તાહમાં યોજાવાની હતી.પરંતુ ચૂંટણી આયોગ દ્વારા આ ગ્રામ પંચાયતોની ચૂંટણી છ માસ બાદ યોજવાની વિચારણા શરૂ કરાતા સરપંચ તથા સભ્યોના ભાવિ ઉમેદવારોમાં કહીં ખુશી કહીં ગમનો માહોલ જોવા મળે છે. ચૂંટણી લંબાવવાનું કારણ સામાજિક અને શૈક્ષણિક સ્તરે પછાત ઓબીસી રિઝર્વેશન સંદર્ભે જાન્યુઆરી-૨૦૨૨ માં સુપ્રીમ કોર્ટે આપેલો ચુકાદો કારણભૂત હોવાનું મનાય છે.જેમાં રાજ્ય ચૂંટણી આયોગે નક્કી કરેલ બેઠકોના પ્રકારો,રોટેશન અને ટકાવારી સંદર્ભે સર્જાયેલા વિવાદની ન્યાયિક સુનાવણી દરમિયાન ૧૯ જાન્યુઆરી- ૨૦૨૨ ના રોજ સુપ્રીમ કોર્ટે મહત્વના દિશાનિર્દેશો જાહેર કરતા તેના અમલ માટે તમામ રાજ્યોને રિઝર્વેશન માટે સમીક્ષા કરવા આદેશો જારી કરતા ચૂંટણી પ્રક્રિયા લંબાવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લામાં એપ્રિલ માસમાં યોજાનાર ગ્રામ પંચાયતની ચૂંટણી માટે સરપંચ તથા સભ્યોના ભાવિ ઉમેદવારો ચૂંટણી પ્રચારમાં જોતરાઈ ચૂક્યા હતા.જ્યારે જે ચાલુ સરપંચો ચાર વર્ષ દસ માસમાં ગામના વિકાસ કામો કરી શક્યા નથી તેઓ પ્રજાને પોતાના તરફ વાળવા કામગીરીની શરૂઆત પણ કરી ચૂક્યા હતા.તેમજ યોજાનાર ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ તથા સભ્યમાં પોતાને મત આપી વિજય અપાવવા આવનાર સમયમાં જીત થશે તો વિવિધ લાભ આપવાના પ્રલોભનો આપી ચાલુ સરપંચો સહિત સભ્યો દ્વારા આંતરિક પ્રચાર ચાલી રહ્યો હતો.પરંતુ ગ્રામ પંચાયતોની ચૂંટણી લંબાતાં અને ૧૫ એપ્રિલ-૨૦૨૨ થી ગ્રામ પંચાયતનો વહીવટ વહીવટદારને સોંપવાની સંભાવના જણાતાં કેટલાક સરપંચ સહિત સભ્યોમાં નિરાશા જોવા મળે છે.જ્યારે બીજીબાજુ જોઈએ તો જે નવીન સરપંચ સહિત સભ્યો ગ્રામ પંચાયત ચૂંટણીમાં ઝંપલાવનાર છે, તેઓ ને વધુ છ માસનો સમય મળતા તેવા ભાવી ઉમેદવારોમાં ખુશી પણ જોવા મળે છે. જોકે ગ્રામ પંચાયતોની ચૂંટણી લંબાય અને છ માસ સુધી પંચાયતોનો ચાર્જ વહીવટદારોને સોંપાય ત્યારે ગત પાંચ વર્ષમાં જે પણ સરપંચો દ્વારા પ્રજાને સાથ સહકાર આપ્યો ન હોય અને માત્ર કોણીએ ગોળ ચોટાડી રાખ્યો હોય તેવા ઉમેદવારોને આવનાર ગ્રામ પંચાયત ચૂંટણીમાં મોટો ફટકો પડશે તેમ જણાઈ રહ્યું છે.ચૂંટણીપંચ દ્વારા વહીવટી કારણોસર ચૂંટણી લંબાવતાં તેની સીધી અસર થયેલ મતદાનમાં અણધાર્યા પરિણામ ઉપર પડશે તેમ પણ જણાઈ રહ્યું છે.

અહીંયા જણાવવું જરૂરી છે કે, જિલ્લાના તમામ તાલુકાઓની અનેક ગ્રામ પંચાયતોમાં ૧૫ મા નાણાપંચની ગ્રાન્ટના લાખો રૂપિયા જમા હોવાનું જાણવા મળે છે.અને સરપંચોની મુદત પૂરી થાય છે.ત્યારે આ નાણાંનો વહીવટ વહીવટદારો દ્વારા કરવામાં આવશે.પરંતુ આ નાણાંનો આગોતરા આયોજન રૂપે હાલથી દુરૂપયોગ થાય નહીં તે બાબતે તાલુકા-જિલ્લાના તંત્રોએ ખાસ સજાગતા રાખવાની જરૂરત જણાઈ રહી છે.

અત્રે નોંધનીય છે કે,ગુજરાત રાજ્યમાં ૨૩૫૨ ગ્રામ પંચાયતની મુદત ૧૫ એપ્રિલ-૨૦૨૨ ના રોજ પૂર્ણ થાય છે.જ્યારે ગત વર્ષે નવેમ્બરમાં વિભાજનથી અસ્તિત્વમાં આવેલી ૫૦૦ થી વધુ ગ્રામ પંચાયતોમાં ચાર માસથી ચૂંટણી થઈ નથી.આ તમામ ૨૮૫૨ ગ્રામ પંચાયતો ની સામાન્ય ચૂંટણી રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા છ માસ લંબાવવા અને મુદત પૂર્ણ થતી આ ગ્રામ પંચાયતોનો ચાર્જ વહીવટદારોને સોંપવા જિલ્લાના જવાબદારોને તૈયારી રાખવા હુકમો કર્યા હોવાનું જાણવા મળે છે.

## ફઝાઈલે દુરૂદશરીફ

**દુરૂદ પળહને વાલે કી આવાઝ નબી સુનતે હૈ**

હઝરત અબુ દરદાર રદિયલ્લાહો ફરમાતે હૈ કે હુઝુર અલયહિસ્સલામને ફરમાયા કે કોઈ શખ્સ એૈસા નહી જો મુઝ પર દુરૂદ પળ હે મગર ઉસકી આવાઝ મુઝે ન પહુંચે ( પાની ઉસકી આવાઝ સુનતા હું) ચાહે વોહ કહી હો સહાબાને અર્ઝ કીયા રસુલલ્લાહ વફાત કે બાદ ભી ૧ ફરમાયા કે બાદ ભી ક્યોંકી અલ્લાહને હરામ કરાર દિયા હૈ ઝમિન પર અંબિયા કે જીસ્મો કી ખાના (જલાઉલ અફહાતિમસફ-૭૩)

**મોહબ્બત વાલો કા દુરૂદ નબી ખુદ સુનતે હૈ**

હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલય હે વઆલેહિ વસલ્લમ સે પુછા ગયા કે આપકે નજદીક આપ સે દુર રહનેવાલે ઔર બાદમે આને વાલે કે દુરૂદ કા ક્યા હાલ હૈ ? તો ફરમાયા કે હમ મોહબ્બત વાલો કે દુરૂદ કો ખુદ સુનતે હૈ ઓર ઉનકો પહુચાતે હૈ (દલાઈલ ખૈરાત)

**દુરૂદ શરીફ પબહના ભુલ ગયા વો જન્નત કી રાહ ભુલ ગયા**

હઝરત જાબિર બીન અબ્દુલ્લાહ અન્સારી રદિયલ્લાહો અન્હો હુઝેરે અકરમ સલ્લલાહો અલય હે વઆહિ વસલ્લમ સે રિવાય કરતે હૈ કે જો શખ્સ દિનરાત મે (૧૦૦) મર્તબા દુરૂદ પબહે અલ્લાહ તઆલા ઉસકી સો હાજતે (ઝરૂરતે) પુરી કરેગા તીસ (૩૦) દુનિયા કી ઔર (૭૦) આ ખેરતમેં ઔર જો મુઝ પર દુરૂદ પબહના ભુલ ગયા વો હ જન્નતકી રાહ ભી ભુલ ગયા (તઝ-કે-રતુલ-વાએઝીન સફા-૭)

તા. ૦૯/૦૪/૨૦૨૨ શનિવાર
ખત્મે શહેરી ૪.૫૭
વકતે ઈફતાર ૬.૫૮
નોંધઃ આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લા પુરતો છે.

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

## આર એન્ડ એલ પંડ્યા હાઈસ્કૂલનું ગૌરવ દાહોદની ઝાયડસ મેડીકલ કોલેજમાં એડમિશન



દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત આર એન્ડ એલ પંડ્યા હાઈસ્કૂલ અને એસ.એમ.કુંદાવાલા હાયર સેકન્ડરી સ્કુલ દાહોદ કુ.મિતાલિ ભાગચંદ લાલવાણી માર્ચ ૨૦૨૧.એ વન ગ્રેડ મેળવી ગુજરાતી માધ્યમમાં જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું. આ ઉપરાંત મેડિકલ માટે નેશનલ એલીજીબીલીટી કમ અન્ટરેન્સ ટેસ્ટમાં ૪૫૪ મેળવી દાહોદ ખાતે ઝાયડસ મેડીકલ કોલેજમાં એડમિશન મેળવી શાળા, સંસ્થા, શહેર અને જિલ્લાનું નામ રોશન કરેલ છે. તે બદલ શાળાના ઈન્ચાર્જ આચાર્ય આર.એસ.પટેલ, વિજ્ઞાન પ્રવાહના શિક્ષક મિત્રો કે.ડી. લીમ્બાચીયા, ઉમંગ દરજી, એમ.કે.ફળદુ, શાળાના કન્વીનર અસગરીભાઈ મખરીયા, સંસ્થાના માનદમંત્રી અંજલીબેન દેસાઈ તેમજ સમગ્ર સ્ટાફ મિત્રોએ શાળા પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવી અને ઉતરોત્તર ખૂબ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

## સીંગવડ તાલુકા પંચાયત કચેરીનું લાઈટની સુવિધાના અભાવે ભવનનું લોકાર્પણ ન થતાં લોકો પરેશાન

સીંગવડ,

સીંગવડ તાલુકા પંચાયત કચેરીનો નવીન ભવન તૈયાર થઈ ગયાને છ મહિનાથી વધારે સમય વિતી ગયો હોવા છતાં નવીન તાલુકા પંચાયત ભવન ખાતે લાભાર્થી અને રાહદારી માટે આવવા-જવા માટે રસ્તા તેમજ વીજળી સહિત પ્રાથમિક સુવિધાઓની કામગીરી હજુ સુધી હાથ ધરાઈ નથી. જયારે નવીન ભવનનુ ઉદ્ઘાટન આજદિન સુધી ન થતાં વિસ્તારની જનતાને ભારે તકલીફનો સામનો કરવાનો વારો આવ્યો છે. આવનાર સમયમાં દેશના વડાપ્રધાન દાહોદ ખાતે આવવાના હોય વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરી તાલુકાના બિલ્ડિંગના લોકાર્પણ કરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે. મળતી માહિતી મુજબ સીંગવડ તાલુકો આવ્યા બાદ તાકિદના ધોરણે વહીવટી તંત્ર દ્વારા તાલુકા પંચાયતને આઈ.ટી.આઈ.ના ભવનમા શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ પદાધિકારી અને વહીવટી તંત્ર દ્વારા નવીન તાલુકા પંચાયત ભવનની જમીનની ફાળવણી માટે રજુઆતને ધ્યાનમાં લઈને જગ્યાની ફાળવણી કરવામાં આવી હતી. દરમિયાન અપુરતી સગવડોના કારણે લાભાર્થીઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જયારે પ્રાથમિક સુવિધાઓના અભાવના કારણે લાભાર્થી ધરમધક્કા ખાવાનો વારો આવી રહ્યો છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક કક્ષાએ લાભાર્થીઓને સેવા મળી રહે તેવા ઉમદા હેતુસર જિલ્લા અને તાલુકાનુ વિભાજન કરી અને લોકોના પ્રશ્નોનો ઘરઆંગણે સમાધાન કરવામાં આવે. અને નવીન તાલુકો બનાવી સરકારની અનેકવિધ યોજનાઓની સમયમર્યાદામાં કામગીરી થાય તેમજ મોટાભાગની કચેરીઓ તાલુકા કક્ષાએ જ શરૂ થાય તો આમ જનતાને ઓછા સમય અને ખર્ચે એક જ ધક્કામાં બધા જ સરકારી કામકાજ કરવાનો લાભ મળી રહે તે હેતુસર રાજ્ય સરકારે ગત તા.૨૫/૦૬/૨૦૨૦ના રોજ તત્કાલિન રાજયમંત્રી ગણપતભાઈ વસાવાના હસ્તે ૨૪૦ લાખ રૂપિયાના ખર્ચે તાલુકા ભવનનુ ખાતામુર્હુત કરવામાં આવ્યુ હતુ. અને જે ગત નવેમ્બર ૨૦૨૧ મહિના સુધીમાં આ કામગીરી સપુર્ણપણે થઈ જવા પામી છે. જયારે નવીન તાલુકા પંચાયતની બિલ્ડિંગ ખાતે રાહદારી તેમજ લાભાર્થીઓને આવવા-જવા માટેના રસ્તા જેવી પ્રા.સુવિધાનો અભાવ જોવા મળી રહ્યો છે. અત્રે ઉલ્લેખનિય છે કે, પીડબ્લ્યુડી લીમખેડા વિભાગ દ્વારા તાલુકા પંચાયતનુ બોર્ડ તો લગાવી દીધુ છે છતા આરસીસી કે ડામર રોડ રસ્તો બનાવવામાં આવ્યો નથી.







Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.192

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગુજરાતમાં નવી પેન્શન યોજનાને સ્થાને

# જુની પેન્શન યોજના પુનઃ લાગુ કરવાની માંગ સાથે રાષ્ટ્રીય સંયુકત મોરચા દ્વારા પંચમહાલ કલેકટરને આવેદન



ગોધરા, ગુજરાત રાજ્યમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત, ભારતીય મજૂર સંઘ ગુજરાત તથા અન્ય સંગઠનો લાંબા સમયથી નવી પેન્શન યોજના બંધ કરી જૂની પેન્શન યોજના પુનઃ લાગુ કરવા બાબતે રાજ્ય સરકાર સમક્ષ રજુઆત કરી ચુક્યા છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત, ભારતીય મજદૂર સંઘ ગુજરાત તથા અન્ય સંગઠનો દ્વારા સાથે મળી બનાવેલ રાષ્ટ્રીય ઓલ્ડ પેન્શન સંયુકત મોરચા ગુજરાતની માંગ છે કે, ગુજરાત રાજ્યમાં નવી પેન્શન યોજના બંધ કરી જૂની પેન્શન યોજના પુનઃ શરૂ કરવામાં આવે.

બંધારણની સાતમી અનુસૂચિ હેઠળ રાજ્યના વિષયોમાં ૪૨ માં સ્થાને રાજ્ય દ્વારા ચૂકવવામાં આવતા પેન્શન અથવા એકીકૃત ભંડોળમાંથી ચૂકવવામાં આવતા પેન્શનએ રાજ્ય સરકારનો વિષય છે, તેવો ઉલ્લેખ કરાયો છે. કેન્દ્ર સરકાર આમાં હસ્તક્ષેપ કરી શકે નહીં. આથી ૨૨ ડિસેમ્બર ૨૦૦૩ ના રોજ જારી કરાયેલ નવી પેન્શન યોજનાના કેન્દ્ર સરકારના ઠરાવમાં રાજ્ય સરકાર દ્વારા નવી પેન્શન યોજના ફરજિયાત પણે સ્વીકારવા જણાવ્યું નથી. આ વ્યવસ્થાને વૈકલ્પિક રાખવામાં આવી છે. જૂની પેન્શન યોજનાની સામે નવી પેન્શન યોજનામાં કર્મચારીઓને નજીવું પેન્શન મળે છે. તે નિર્વિવાદ બાબત છે . નિવૃત્તિ બાદ પેન્શનની નજીવી રકમમાં જીવનનિર્વાહ થઈ શકે તેમ નથી. ભારતભરમાં વિવિધ રાજ્યમાં જૂની પેન્શન યોજના લાગુ છે તથા ઘણા રાજ્ય કર્મચારી હિતમાં નવી પેન્શન યોજના દૂર કરી જૂની પેન્શન યોજનાનો પુનઃ અમલ કરી રહ્યા છે. ગુજરાત કરતાં રાજસ્થાન, છત્તીસગઢ નાણાંકીય રીતે ઓછા સમૃદ્ધ હોવા છતાં, રાજ્ય સરકાર દ્વારા જૂની પેન્શન યોજનાને પુનઃ લાગુ કરવામાં આવી છે.

ગુજરાતના વિકાસમાં કર્મચારીઓનો વિશેષ ફાળો રહ્યો છે. સંગઠનને આશા છે કે, ગુજરાતની લોકપ્રિય સરકાર કર્મઠ કર્મચારીઓના કામની કદર કરી નિવૃત્ત થયેલ તથા નિવૃત્ત થતા કર્મચારીઓના જીવનમાં સુરક્ષા લાવવા માટે યોગ્ય નિર્ણય કરશે. આ માટે રાષ્ટ્રીય ઓલ્ડ પેન્શન સંયુક્ત મોરચો ગુજરાત રાજ્ય આવેદનપત્ર આપી સત્યનો આગ્રહ કરી, વિકાસના મોડલ ગુજરાતને વિકાસની નવી ઉંચાઈઓ સુધી પહોંચાડી રહેલા કર્મચારીઓના નિવૃત્ત જીવનને સુરક્ષિત બનાવવા નવી પેન્શન યોજના દૂર કરી જૂની પેન્શન યોજના પૂનઃ લાગુ કરે તેવીં માંગ સાથે રાષ્ટ્રીય ઓલ્ડ પેન્શન પુનઃ સ્થાપન સંયુકત મોરચા પંચમહાલ દ્વારા જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું.

# ગોધરા તળાવ ચબુતરા થી બાવાની મઢી વિસ્તારમાં જાહેર શૌચાલયના અભાવે જાહેરમાં પેશાબ કરતા ગંદકીનું સામ્રાજય

### પાલિકા સત્તાધિશો તમામ સ્થિતી થી અવગત છતાં નિકાલ કરવા માટે નિષ્ફળ

ગોધરા, ગોધરા નગર પાલિકા દ્વારા રામસાગર તળાવ ચબુતરા વિસ્તારમાં આવેલ જાહેર શૌચાલય તોડી નાખવામાં આવ્યું હતું. જાહેર શૌચાલય તોડવામાં આવતાં આ વિસ્તારમાં આવેલ દુકાનદારો તેમજ બહાર ગામ થી ખરીદી માટે આવતાં લોકો માટે પેશાબ કરવા માટેની અસુવિધા ઉભી થવા પામી હતી. હાલના પાલિકા પ્રમુખની અનેક રજુઆતો બાદ પાલિકા દ્વારા ફાઈબરની બનેલા શૌચાલયને મુકવામાં આવ્યું હતું. પરંતુ તે પણ બિનઉપયોગી અને ગંદકી વધતા પાલિકા દ્વારા સ્થાનિક વેપારીઓને પાકું શૌચાલય ઉભું કરી આપવાની ખાતરી આપી હટાવી લેવામાં આવ્યું હતું. હાલ ચબુતરા થી લઈને બાવાની મઢી સુધી એકપણ જાહેર શૌચાલયની વ્યવસ્થા નથી. જેને લઈને લોકોને મજબુરીમાં ખુલ્લામાં ના છુટકે પેશાબ કરવા માટે મજબુર થઈ રહ્યા છે. જાહેર માર્ગ હોય મોટા પ્રમાણમાં લોકોની અવરજવર રહેતી હોય તેવા જાહેર માર્ગની સાઈડમાં લોકો જાહેરમાં પેશાબ કરતા હોય છે. આ વિસ્તારમાં અનેક ધાર્મિક આસ્થાના પ્રતિક સમાન મંદિરો આવેલ સાથે તળાવના કિનારાની સામે ગર્લ્સ હાઈસ્કુલ આવેલ છે. તેમ છતાં જાહેરમાં પેશાબ કરતા લોકો ક્ષોભ અનુભવી રહ્યા છે. તેમ છતાં કુદરતી પ્રક્રિયા હોય તે રોકી શકતા ન હોવાથી મજબુરીમાં ખુલ્લામાં તળાવના કિનારે પેશાબ કરવા મજબુર છે. આ તમામ સ્થિતી થી પાલિકા તંત્રના સત્તાધિશો અવગત છે. લોકોને પડતી મુશ્કેલીઓ પણ ભણતા હોવા છતાં તેના નિકાલ કરવા માટે તૈયાર નથી. ચબુતરા થી બાવાની મઢી સુધી તેમજ મુખ્ય બજારમાં પણ જાહેર શૌચાલય આવેલ ન હોવાથી તમામ વિસ્તારો માંથી લોકો તળાવ ઉપર પેશાબ કરવા આવવું પડે છે. જાહેરમાં રોડ સાઈડમાં શૌચક્રિયાને લઈને રસ્તા ઉપરથી પસાર થતી મહિલાઓની કફોડી સ્થિતીમાં મુકાઈ જતી હોય છે. આવી તમામ સમસ્યાઓને ગંભીરતા પૂર્વક પાલિકા તંત્ર લઈને તેનો કાયમી નિકાલ કરે તે જરૂરી છે. જાહેરમાં તળાવ કિનારે હાલ ગંદકી અને દુર્ગંદનું સામ્રાય જોવા મળી રહ્યું છે. ત્યારે જોવું રહયું કે, પાલિકા સત્તાધિશો જાહેર જનતાને લગતા પ્રશ્નોનો ઉકેલ લાવવા કેટલા સાર્થક થાય છે.

# પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકા મથકે કનોજીયા સમાજ થકી નવચંડી યજ્ઞ યોજાયો




કાલોલ, ચૈત્ર મહિનામાં પવિત્ર નોરતા ચાલી રહ્યા છે. ત્યારે પંચમહાલ જિલ્લાના કાલોલ ગામ ખાતે કનોજીયા સમાજના કુળદેવી ફુલમતી માતાના મંદિરે નવચંડી યજ્ઞ કરવામાં આવ્યો. તેમાં સમાજના મોટી સંખ્યામાં આગેવાનો હાજર રહ્યા હતા. સમાજના આગેવાનો સમાજ આગળ વધે અને દેશની પ્રગતિમાં સહભાગી બને તે માટે હકારાત્મક વિચારો સાથે શિક્ષણ અને વ્યસનમુકિત વિશે સમજ આપી હતી. આ યજ્ઞના કાર્યક્રમ બાદ સમાજમાં અવિવાહિત યુવકો તથા યુવતીઓ માટે સામૂહિક તથા પરિવારિક સંમેલન યોજવામાં આવ્યું હતું. સમાજના આગેવાનો દ્વારા જીવનસાથીની પસંદગી કરવાની સુવર્ણ અને ઉત્તમ તક પૂરી પાડવામાં આવી હતી. જેમાં તમામ યુવક-યુવતીઓનો બાયોડેટા જાહેરમાં જણાવવામાં આવ્યો હતો. સમાજના તમામ લોકો એ ફૂલમતિમાતાનો યજ્ઞ- હવન કરી અને પ્રસાદ લીધો હતો.

# ગોધરા તાલુકાના શીવપુરી ગામે ખેતરો માંથી પસાર થતી હાઈટેન્શન લાઈન નમી ગયેલ પોલ સીધા કરવા વીજ વિભાગને રજુઆત



ગોધરા, ગોધરા તાલુકાના કાંકણપુર શીવપુરી ગામે હાઈટેન્શન લાઈનના વાયર તથા પોલ નમી ગયેલ હોય અને આવા જોખમી પોલની કોઈ નુકશાન થાય તે પહેલા પોલ સીધા કરવામાં આવે તેવી કાંકણપુર એમ.જી.વી.સી.એલ.ને લેખિતમાં રજુઆત કરાઈ. ગોધરા તાલુકાના કાંકણપુરના શીવપુરી ગામે રહેતા કાંતીભાઈ રાવજીભાઈ પટેલના ખેતરમાં તેમજ આજુબાજુના અનય પાંચ થી સાત ખેતરો માંથી પસાર થતી હાઈટેન્શન લાઈનના વીજપોલ નમી ગયેલ છે અને વીજ વાયર જે લટકી ગયા છે. તેવા વીજ પોલ સીધા કરવા અને વીજ વાયરો ટાઈટ કરવામાં આવે નહી તો કોઈ નુકશાન થઈ શકે તેમ છે. ત્યારે વીજ પોલ સીધા કરવા આવે તેવી માંગ સાથે કાંકણપુર એમ.જી.વી.સી.એલ.ને લેખિતમાં રજુઆત કરાઈ છે.

# આરોગ્ય મંત્રીના અધ્યક્ષસ્થાને મોરવા હડફ તાલુકાના મોજરી ખાતે નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ખાતમૂહુર્તનો કાર્યક્રમ યોજાયો



ગોધરા, આરોગ્ય રાજયમંત્રી નિમિષાબેન સુથારનાં અધ્યક્ષસ્થાને જિલ્લાનાં મોરવા હડફ તાલુકાનાં મોજરી ગામે નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં ખાતમૂહુર્તનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનાં અધ્યક્ષસ્થાનેથી બોલતા આરોગ્યમંત્રીએ જણાવ્યું હતું કે મોજરી ગામ ખાતે નિર્મિત થનારા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી મોજરી, વેજમા, માતરીયા સહિતનાં ૧૧ થી વધુ ગામોને સ્વાસ્થ્ય-સારવારને લગતી ઉત્તમ સુવિધાઓની ઉપલબ્ધિ સુનિશ્ચિત થશે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં આ આધુનિક મકાનમાં ઉપલબ્ધ કરાવવામાં આવનાર સુવિધાઓની રૂપરેખા આપતા મંત્રીએ જણાવ્યું હતું કે મોરવા હડફ સીએચસી બાદ આ પીએચસીનું નિર્માણ છેવાડાનાં માનવી સુધી શ્રેષ્ઠ આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં સંકલ્પને પૂર્ણ કરવાની દિશામાં લેવાયેલ અનેક પગલાઓ પૈકી એક છે. મોરવાનાં આ અંતરિયાળ વિસ્તારમાં અને ખાસ કરીને મહિલાઓ-બાળકોમાં સ્વાસ્થ્યનું સ્તર ઉંચું લાવવામાં આ પીએચસીની ભૂમિકા મહત્વપૂર્ણ બની રહેશે. ગુજરાતનાં નાગરિકોને વિશ્વસ્તરીય આરોગ્ય સુવિધાઓનું માળખું ઉપલબ્ધ કરાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વ હેઠળની સરકાર કટિબદધ છે. બીપી, ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ જેવા બિનચેપી પણ લાંબાગાળે જીવલેણ સાબિત થઈ શકતા રોગોનાં જોખમથી લોકોને સુરક્ષિત કરવા સરકાર દ્વારા શરૂ કરાયેલ નિરામય ગુજરાત અભિયાન અંતર્ગત આ પ્રકારનાં રોગોનું નિદાન અને સારવારની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પૈસાનાં અભાવે કોઈપણ નાગરિક ઉત્તમ સારવારથી વંચિત ન રહે તેવી કાળજી રાખતા સરકારે પીએમજેએવાય કાર્ડ યોજના લોન્ચ કરી કેન્સર, હદયરોગ જેવા રોગોમાં રૂ. ૫ લાખ સુધીની કેશલેસ સારવાર ઉપલબ્ધ કરાવી છે. જિલ્લામાં ૬૪ હજારથી વધુ કુટુંબોને આયુષ્માન કાર્ડ અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે. આ યોજના અનેક જરૂરતમંદ પરિવારો માટે આર્શીવાદરૂપ બની છે. તેમણે ઉમેર્યુ કે ગોધરા ખાતે ૩૨૫ કરોડથી વધુનાં ખર્ચે મેડિકલ કોલેજની સ્થાપનાને મંજૂરી આપવામાં આવી છે, જેથી ડોક્ટર બનવા ઈચ્છતા સ્થાનિક યુવાનોને બહાર ન જવું પડે તેમજ જિલ્લાની સ્વાસથ્ય સુવિધાઓ બહેતર બને. મોરવા હડફ વિસ્તારમાં ખેડૂતોનાં લાભાર્થે સિંચાઈની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અંગે વાત કરતા મંત્રીએ જણાવ્યું કે સંતરોડમાં ખાપડા, નાટાપુર સહિતનાં તળાવો ભરાયે તેમાંથી સિંચાઈનું પાણી આ વિસ્તારમાં પહોંચાડવા માટે મંજૂરી આપવામાં આવી છે. હારેડા પાણી પુરવઠા યોજના અંતર્ગત થયેલી કામગીરીની વિગતો આપતા તેમણે ઉમેર્યું હતું કે હવે વાસ્મો મારફતે દરેક ગામમાં કામગીરી હાથ ધરી નળ દ્વારા ઘરે પાણી પહોંચાડવામાં આવશે. કાર્યક્રમમાં મોરવા હડફ તાલુકા પંચાયત પ્રમુખસુ ધર્મિષ્ઠાબેન માલીવાડ તેમજ વિજયભાઈ પટેલે પ્રાંસગિક સંબોધનો કર્યા હતા. મંત્રી સહિતનાં મહાનુભાવોનાં હસ્તે આ પ્રસંગે લાભાર્થીઓને પીએમજેએવાય કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

એડીએચઓ ડો. જે.પી. પરમારે મહેમાનોનું શાબ્દિક સ્વાગત તેમજ ડો. પ્રદિપ ભૂરિયાએ આભારવિધી કરી હતી. કાર્યક્રમમાં બાંધકામ સમિતીનાં ચેરમેન વિક્રમભાઈ ડિંડોળ, ધવલભાઈ દેસાઈ, તખતસિંહ પટેલ સહિતનાં અગ્રણી આગેવાનો તેમજ સીડીએચઓ ડો. મિનાક્ષી ચૌહાણ, આરસીએચઓ ડો. પી.કે. વાસ્તવ સહિતનાં વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



**આઝાદીના ૭૫ મા અમૃત મહોત્સવ નિમિતે ગોધરા નગર યુવા મોરચા દ્વારા બાઈક રેલી યોજાઈ. આ બાઈક રેલીને ધારાસભ્ય સી.કે રાઉલજી તથા જીલ્લા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલજી તથા જીલ્લા મહામંત્રી કુલદીપસિંહ સોલંકી તથા ગોધરા નગર પ્રમુખ દિલીપભાઈ દસાડિયા દ્વારા બાઈક રેલીને લીલી ઝંડી આપવામાં આવી.**

# ગોધરાન વયોવૃધ્ધની હત્યાના ગુનામાં આરોપી રેખાબેનના જામીન અરજી નામંજુર

ગોધરા, સમગ્ર પંચમહાલ જિલ્લામાં ચકચાર જગાવનાર મનહરભાઈ ઝાલાના ખૂનના ગુન્હામાં આરોપી રેખાબેન કાન્તિલાલ પરમારની નિયમિત જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે. મનહરભાઈ ઝાલાને આરોપીઓ દ્વારા ઈકો ગાડીમાં બેસાડીને એકસઠ પાટીયા નર્મદા મેઈન કેનાલ પાસે લઈ જઈને આરોપીઓ દ્વારા ભેગા મળી અગાઉ થી નક્કી કરેલ કાવતરા મુજબ મનહરભાઈને દોરડા વડે ગળે ટૂંપો આપી મારી નાખી પુરાવાનો નાશ કરવાના ઈરાદે લાશને એકસઠ પાટીયા થી આગળ ઘુસર પાસે નર્મદા મેઈન કેનાલમાં નાખી દીધેલ છે. બાબતે ગોધરા તાલુકા પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરૂદ્ધ ગુન્હો નોંધવામાં આવેલ અને પોલીસ દ્વારા ઘણી જહેમત બાદ લાશ કેનાલમાં થી શોધી કાઢવામાં આવેલ અને ગુન્હાના કામે આરોપીઓને અટક કરવામાં આવેલા છે. પૈકી આરોપી રેખાબેન પરમાર દ્વારા પંચમહાલ જિલ્લાના એડીશનલ શેસન્સ જજની કોર્ટમાં નિયમિત જામીન ઉપર મુકત થવા માટે અરજી દાખલ કરવામાં આવી હતી. જે જામીન અરજી કે.જે.દરજીની કોર્ટમાં ચાલી જતાં કોર્ટે જીલ્લા સરકારી વકીલ રાકેશ.એસ. ઠાકોર ની વિગતવારની દલીલો તથા પોલીસ તપાસના કાગળોને ધ્યાનમાં રાખીને નિયમિત જામીન અરજી નામંજૂર કરી છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

અગ્રવાલ યોગેશકુમાર રાધેશ્યામ
મુ. ઝાલોદ માર્કેટીંગયાર્ડ, તા. ઝાલોદ, જી. દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આમલીયાર શાન્તાબેન શંકરભાઈ
મુ. પીપલીયા, તા. ઝાલોદ, જી. દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ગામડીવાલા જુબેરભાઈ કુત્બુદ્દીનભાઈ
મુ. ગામડી, તા. ઝાલોદ, જી. દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ગરાસીયા ચુનીલાલ વેસ્તાભાઈ
મુ. ગરાડુ, તા. ઝાલોદ, જી. દાહોદ